# હિંમતનગરમાં તસ્કરો ત્રાટક્યા ૯૮ હજારની મત્તાની ચોરી

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ અલીફ મસ્જીદ પાછળની સોસાયટીમાં મંગળવારની રાત્રીના તસ્કરોએ ત્રાટકી એક મકાનનું તાળું તોડી ૯૮ હજારથી વધુની મત્તાની ચોરી કરી લઈ જતા હિંમતનગર ટાઉન પોલીસ મથકે બુધવારના રોજ અબ્દુલરજ્જાક ઉસ્માનભાઈ મુલ્લાએ ફરિયાદ નોંધાવી હતી.

વિગત મુજબ હિંમતનગર શહેરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ અલીફ મસ્જીદ પાછળની સોસાયટીમાં અબ્દુલરજ્જાક ઉસ્માનભાઈ મુલ્લાનું મકાન આવેલ છે જે રમજાન માસમાં તેમના ભાઈના ઘરે પરિવાર સાથે અમદાવાદ ગયેલ દરમિયાન મંગળવારની રાત્રીના તસ્કરોએ ત્રાટકી બંધ મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કરી તિજોરી તોડી તેમાંથી સોનાની કાનની બુટ્ટીઓ, સોનાનું પેન્ડલ, સોના અને ચાંદીની વીંટીઓ, ચાંદીની લકી, છડા, મુગરો, સેટ અને રોકડા રૂ. ૧૦ હજાર મળી સોના ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૯૮ હજાર ૫૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયેલ જે અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા તુરંત સ્થળ પર હિંમતનગર ટાઉન પી.આઈ. જે.એમ. આલ, ડી.વાય.એસ.પી. પી.આર. ગેલોત, પી.એસ.આઈ. બી.વી. રાવળ સ્ટાફ સાથે પહોંચી ગયા હતા અને ડોક સ્કોર્ડ, એફ.એસ.એલ. સ્કોર્ડને બોલાવી તપાસ હાથ ધરી હતી.

# માણસા ખાતે ગેસ પાઈપલાઈનનું ખાતમુહૂર્ત

માણસા, તા. ૧

માણસા શહેર તથા તાલુકાના લોકો માટે છેલ્લા ઘણા સમયથી રાંધણગેસના બાટલાનો વિકટ પ્રશ્ન હતો તેના ઉકેલ રૂપે માણસા ખાતે આજે ગેસ પાઈપ લાઈનનું ખાતમુહૂર્ત થતા એક વર્ષમાં કાયમી ઉકેલ આવી જશે અને રાંધણગેસના બાટલાની ઝંઝટમાંથી બહેનોને કાયમી મુક્તિ મળી જશે.

માણસા તાલુકાના ગેસધારકો છેલ્લા ઘણા સમયથી ગેસ એજન્સીઓના મનસ્વી અને અણધડત વહીવટથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. માણસા ખાતે ત્રણ-ત્રણ ગેસ એજન્સી બદલાયા છતાં પણ ગેસ ધારકોને સમયસર બાટલાની ડીલીવરી મળતી નહોતી ત્યારે બાટલાની ઝંઝટમાથી કાયમી સમાધાન મળી ગયું છે. માણસા ખાતે આજે સાબરમતી ગેસ લી. દ્વારા આજથી ગેસ લાઈન નાંખવાનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. આ અંગે ગેસ કંપનીના સિનિયર એન્જીનીયર હરિભાઈના જણાવ્યા મુજબ શહેરના દરેક વિસ્તારમાં પાઈપલાઈન નંખાયા બાદ નોંધણી શરૂ કરવામાં આવશે. એક પછી એક દરેક વિસ્તારમાં પાઈપલાઈન દ્વારા ઘરે ઘરે ગૃહિણીઓને ગેસ મળતો જશે ત્યારે ગૃહિણીઓને બાટલાની અછતમાંથી મુક્તિ મળશે.





સમગ્ર રાજ્યમાં પવિત્ર શ્રાવણ માસની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ રહી છે. ઠેર ઠેર બાળકો દ્વારા ભગવાન શંકરની અવનવી કલાકૃતિ બનાવતા નજરે ચઢતા હોય છે. પરંતુ ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ખાતે પીપડાના વૃક્ષના થળમાં સ્વયંભુ રીતે પ્રગટ થયેલી શીવલીંગની પ્રતિકૃતિ જોવા મળી છે. લોકોમાં અનેરૂ આકર્ષણ જગાવ્યુ છે. ભક્તો તેના ઉપર બીલી અને દૂધના અભિષેકથી પૂજા અર્ચના કરતા નજરે ચઢ્યા હતા.
(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

# ડીસામાં લકઝરી બસમાં કંડકટર દ્વારા મુસાફર યુવતિની છેડતી



(તસવીર : કાંતિલાલ લોઘા, ડીસા)

## ઉશ્કેરાયેલા ટોળાએ કંડકટરને મેથીપાક ચખાડ્યો : ત્રણ સામે પોલીસ ફરિયાદ

ડીસા, તા. ૧

ડીસા શહેરમાં એક ખાનગી લકઝરીના કંડકટરે મુસાફર યુવતિની બસમાજ છેડતી કરતા ભારે હોબાળો મચી ગયો હતો. અને રોષે ભરાયેલા ટોળાએ બસની હવા કાઢી આગ ચાંપવાનો પ્રયાસ કર્યો હતો. તેમજ કંડકટરને ઢોર માર મારી પોલીસને હવાલે કર્યો હતો.

મળતી માહિતી મુજબ ડીસા શહેરમાં નગરપાલિકા સામે રાજ એક્સપ્રેસ નામની ટ્રાવેલ્સની ઓફિસ આવેલી છે. ત્યા ડીસાના કાંટ ગામની ગીતા અને રાજુ (બન્નેના નામ બદલેલ છે) તેઓને મુંબઈ જવાનુ હોવાથી આવ્યા હતા ત્યારે ગીતાને બસમા બેસાડી રાજુ ઓફિસમાં ટીકીટ લેવા માટે ગયો હતો. દરમિયાન લકઝરીના કંડકટર મુન્નાએ એકલતાનો લાભ લઈ યુવતિની છેડતી કરી હતી અને ત્યારે ટીકિટ લઈ આવેલા રાજુને ગીતાએ જાણ કરતા રાજુ કંડકટરને ઠપકો આપતા ટ્રાવેલ્સની ઓફિસમાં ગયો હતો જ્યા કંડકટર મુન્ના નાગોરે (રહે. પાંથાવાડા), ડ્રાઈવર આમીન (રહે. સિદ્ધપુર) અને ટ્રાવેલ્સ ઓફિસના મેનેજર જુનેજે રાજુને માર મારી લકઝરીમાંથી ઉતારી મુકતા હોબાળો મચ્યો હતો. પરિણામે ઉશ્કેરાયેલા ટોળાએ કંડકટર મુન્નાને માર માર્યો હતો જેથી બન્ને પક્ષે તંગદીલી છવાઈ હતી. આ સમયે કંડકટર અને મેનેજર ભાગી ગયા હતા. વિફરેલા ટોળાએ લકઝરીને હવા કાઢી નાખી હતી અને આગ ચાંપવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે આવી પરિસ્થિતિને કાબુમાં લીધી હતી અને આરોપી મુન્ના હાજીભાઈ નાગોરીને ઝડપી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દઈ બે શખ્સોની શોધખોળ આદરી છે. આ મામલે પોલીસે રાજુની બહેન ગીતાની ફરિયાદ લઈ ગુનો નોંધ્યો હતો.

# ડીસાના વેલુનગરમાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

ડીસા, તા. ૧

શ્રાવણમાસમાં જુગાર રસીકો દ્વારા ઠેર-ઠેર આસનો જમાવી શ્રાવણ માસની ઊજવણી કરી રહ્યા છે પરંતુ પોલીસ દ્વારા તેઓના રંગમા ભંગ પાડવામા આવતો હોય તેમ ડીસા શહેરમાં શ્રાવણ માસ શરૂ થયા બાદ પોલીસે ચોથી વખત જુગારની રેડ કરી વધુ ચાર શકસોની ધર પકડ કરી છે.

આ અંગેની વિગતો જોતા ડીસા શહેરના વેલુનગર વિસ્તારમાં કેટલાક શખ્સો જાહેરમા જુગાર રમતા હોવાની બાતમી પી.એસ.આઈ આર.એમ.ગોડલીયાને મળતા તેઓએ એ.એસ.આઈ ચમનલાલ રાવત,મણીલાલ, હસમુખભાઈ પરમાર, મુકેશ પરમાર, મુકેશ ચૈધરી સહીત સ્ટાફ સાથે મંગળ વારે મોડી સાંજે ઓચીતી રેડ કરી હતી જેમા પોલીસે જાહેરમાં જુગાર રમતા ૧. રમેશભાઈ ગણપતભાઈ ઠર રહે. હેપ્પી નર્સરી પાસે ધુડીયા કોટ. ૨. મહેન્દ્ર ઈસ્વરલાલ ઠર રહે. ગોલ્ડન પાર્ક ડીસા, ૩. પરબત લાલજી પરમાર રહે, બેકરી કુવા ડીસા ૪. નાથુલાલ સેનાજી પટેલ રહે. રીજમેન્ટ ની અટકાયત કરી હતી. આ ચારેય ઈસમો વિરૂધ્ધ ડીસા શહેર પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો દાખલ કર્યો હતો. જેમાં પોલીસે તેઓની અંગ ઝડતી કરી તેમજ દાવમાં લગાવેલા રૂપીયા મળી કુલ રૂપીયા ૧૨૫૬૦ રોકડા અને રૂપીયા



૪૨૦૦ ની કીમતના મોબાઈલ સહીત કુલ રૂપીયા ૧૬૭૬૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો. પોલીસે તમામ વિરૂધ્ધ જુગાર ધારા કલમ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસામાં નોકરીની તકરારમાં પત્નીની હત્યા કરી હત્યારો પતિ ફરાર

હિંમતનગર, તા.૧

સાબરકાંઠા જિલ્લાના મોડાસા ખાતે મંગળવારની રાત્રીના મુસ્લિમ પરિવારમાં પત્નીએ પતિને નોકરી બાબતે કહેતા આવેશમાં આવીને પતિએ પત્નીના માથામાં ધારિયું મારી કરપીણ હત્યા કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે મોડાસા ટાઉન પોલીસ મથકે મોયુદ્દીન રહીમભાઈ ખેરાડાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર પતિ વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ મોડાસાની મકદુમ હાઈસ્કુલ સામે આવેલ નવજીવન સોસાયટીમાં અબ્દુલ રહીમભાઈ ઉમરભાઈ ખેરાડા તેમની પત્ની મુમતાજ અને એક છોકરો અને એક છોકરી લઈ ચાર જણનો પરિવાર રહેતો હતો ને પરિવારનું અબ્દુલ રહીમભાઈ ઉમરભાઈ ખેરાડા ટ્રક ચલાવી ગુજરાન ચલાવતો હતો પરંતુ છેલ્લા ત્રણ મહિનાથી નોકરી છોડી દીધી હતી અને ઘરે બેસી રહેતો હતો તેથી તેમની પત્ની મુમતાજ ઠપકો આપતી હતી જેથી અબ્દુલ રહીમભાઈ ઉમરભાઈ ખેરાડાને અવારનવાર પત્ની મુમતાજ સાથે બોલાચાલી થતી હતી. દરમિયાન મંગળવારની રાત્રિના ૮.૦ વાગેના સમયે નોકરી બાબતે પત્ની મુમતાજ (ઉ.વ.૪૫) સાથે પતિ અબ્દુલ રહીમભાઈ ઉમરભાઈ ખેરાડાએ ઝગડો કર્યો હતો અને એકદમ પતિ અબ્દુલ રહીમભાઈ ઉમરભાઈ ખેરાડાએ આવેશમાં આવીને ધારિયું લઈ પત્ની મુમતાજના માથાના ભાગે ઝીંકી દીધું હતું. પરિણામે ગંભીર ઈજાઓને કારણે મુમતાજનું સ્થળ પર મોત નિપજયું હતું. અને હત્યારો પતિ અબ્દુલ રહીમભાઈ ઉમરભાઈ ખેરાડા હત્યા કરી નાસી ગયેલ. આ સામાન્ય તકરારથી પવિત્ર રમજાન માસમાં બે સંતાનો માતા અને પિતા બંનેના પ્રેમથી વંચિત થઈ ગયા છે.



પાલનપુરની ભાજપ શાસિત નગરપાલિકાની જનરલ બોર્ડની બેઠકમાં પ્લાસ્ટિકનું ઉત્પાદન રાજયભરમાં બંધ કરવા સરકારને અપીલ કરતો ઐતિહાસિક ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. તેમજ શહેરના વિકાસકાર્યોને અગ્રતા અને પીવાના પાણીના કામોને પ્રાધાન્ય આપી વારંવાર જુદા જુદા બોરોની મોટરો બળી જતા રિપેરીંગ બાદ પણ યથાવત સ્થિતિ રહેતા નવી મોટરો લાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. પાલનપુર નગરપાલિકાની બેઠક પ્રમુખ હસમુખ પઢિયારના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં ૧ થી ૧૦ કામો મંજુર કરાયા હતા. નગરપાલિકાના સેનીટેશન કમિટીના ચેરમેન ગીરીશ પરમાર દ્વારા પ્લાસ્ટીક એ ઝેર છે જેના પરિણામે ગાયો મૃત્યુ પામે છે તે માટે તેનું ઉત્પાદન રાજયમાં સદંતર બંધ કરવા ઠરાવ પસાર કરી રાજય સરકારને મોકલી વિનંતી કરાઈ હતી. (તસવીર : હરેશ જોશી, પાલનપુર)

## સાબરકાંઠા જિલ્લા કલા શિક્ષક સંઘની બેઠક ૧૨મીએ યોજાશે

વડાલી, તા. ૧

સાબરકાંઠા જિલ્લા કલા શિક્ષણ સંઘની સામાન્ય બેઠક આગામી તા. ૧૨ ઓગષ્ટ-૨૦૧૨ને રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે હિંમત હાઈસ્કૂલ હિંમતનગર ખાતે યોજાશે.

હિંમતનગર મુકામે યોજાનાર આ સંઘની બેઠકમાં ફાજલ પડેલા શિક્ષકો, ક્લાર્ક અને ગ્રંથપાલમાં ચિત્ર શિક્ષકોને સમાવવામાં તથા માધ્યમિક વિભાગના ચિત્ર કલા વિષયને પ્રાધાન્ય આપવા વગેરે જેવા પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવશે. ઉપરાંત વર્ષ-૨૦૧૨ થી ૨૦૧૪ માટે સાબરકાંઠા જિલ્લા કલા સંઘના હોદ્દેદારોની નિમણુંક કરવા બાબતે પણ ચર્ચાઓ કરવામાં આવશે. આ સમારંભમાં સાબરકાંઠા જિલ્લાના તમામ ચિત્રકલાને લગતા પ્રાથમિક, માધ્યમિક, ગ્રાન્ટેડ, તેમજ નોન ગ્રાન્ટેડ શાળાના ચિત્ર શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નોની ચર્ચા માટે ગુજરાત રાજ્ય કલા શિક્ષણ સંઘના અધ્યક્ષ અરવિંદભાઈ વાકાણી પ્રમુખ પરેશભાઈ સેવક તથા મહામંત્રી પ્રવિણભાઈ સુથાર ઉપસ્થિત રહેશે તેમ સંઘના પ્રમુખે જણાવ્યું હતું.

## મોડાસાથી ૧૧૧ ફૂટના નેજા સાથે પદયાત્રા નીકળશે

કોમી એકતા તથા અખંડતાના સંદેશા સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ જન્માષ્ટમીના પવિત્ર દિવસે મોડાસાથી રણુજા નીકળનારી પદાયાત્રા ૧૧૧ ફૂટના વિશાળ નેજા સાથે નીકળશે. મહંત શ્રી ચંદુદાસજી યોગીના અધ્યક્ષ સ્થાને નીકળનારી આ ૨૮મી પદયાત્રા મોડાસાથી તા. ૧૦-૮-૧૨ને શુક્રવારે સવારે ૧૦-૦૦ કલાકે નીકળી ૮૦૦ કિલોમીટરની યાત્રા કરી રણુજા પહોંચશે. જેમાં ત્રણ હજાર શ્રધ્ધાળુઓના ફોર્મ ભરાઈ ગયા છે. જયારે અન્ય શ્રધ્ધાળુઓ કે જેઓની આ યાત્રામાં જોડાવવાની ઈચ્છા હોય તેઓએ સત્વરે મોડાસાની ઓફીસે આવી ફોર્મ ભરી જાય તેવો અનુરોધ મહંત શ્રી ચંદુદાસજીનો છે.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

### સાબરકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોક્સી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

### મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪ ૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
• ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
• ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
• હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
• મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ • વીટ્રીફાઈડ ટાઈલ્સ • સિરામિક ફ્લોર ટાઈલ્સ • એક્વાઆર્ટ • વોલ ક્લેડીંગ • માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ • મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
• વ્હીલ એલાઈનમેન્ટ • બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
• સરકાર માન્યતા પ્રાપ્ત • અદ્યતન વર્કશોપ, બોડીકામ,
• વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
• જેન્યુન પાર્ટસ • સર્વિસીંગ • ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન